અગ્રતા ક્રમ –: **૧૯**

**વિભાગ :– ઉદ્યોગ અને ખાણ વિભાગ (GIDC)**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૦૪/૧૩૩૬**

**૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ:૧૩/૦૨/૨૦૨૪**

**પ્રશ્નનું શિર્ષક : સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.**

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઇ પરમાર અને**

**તેમનો મત વિસ્તાર : દસાડા જી–સુરેન્દ્રનગર**

# અગ્રતા ક્રમ : ૧૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

## સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

### અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | હાર્દ | |
| | પૂરક માહિતી | **પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ** |
| **પેટા પ્રશ્ન–૧** | સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ વણોદ ખાતે કેટલા વિસ્તારમાં ઔદ્યોગિક વસાહત સ્થાપનાર છે? | **શ્રી પરસોત્તમભાઇ પરમાર દસાડા** |
| **પેટા પ્રશ્ન–૨** | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને સરકારી જમીનનો આગોતરો કબજો ક્યારે મળેલ છે? | **શ્રી પરસોત્તમભાઇ પરમાર દસાડા** |
| **પેટા પ્રશ્ન–3** | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને જમીનની આગોતરા કબજા કિમત ક્યારે અને કેટલી રકમ ભરપાય કરવામાં આવેલ હતી? | **શ્રી શામજીભાઇ ચૌહાણ ચોટીલા** |
| **પેટા પ્રશ્ન–૪** | સરકારશ્રી દ્વારા નિગમની માગણીવાળી સરકારી જમીનની કેટલી બજાર કિમત નક્કી કરવામાં આવેલ હતી ? | **શ્રી શામજીભાઇ ચૌહાણ ચોટીલા** |
| **પેટા પ્રશ્ન–૫** | વણોદ ઔદ્યોગિક વસાહતની જમીનની તબદીલીની મંજૂરી સરકારશ્રી દ્વારા ક્યારે આપવામાં આવી? | **શ્રી પ્રકાશભાઇ વરમોરા – ધ્રાંગધ્રા** |
| **પેટા પ્રશ્ન–૬** | વણોદ ઔદ્યોગિક વસાહતની સ્થાપના માટે સરકારી જમીનનો તબદીલી હુકમ ક્યારે કરવામાં આવેલ? | **શ્રી પ્રકાશભાઇ વરમોરા – ધ્રાંગધ્રા** |

| | | |
|---|---|---|
| **પેટા પ્રશ્ન–૭** | વણોદ ઔદ્યોગિક વસાહતની સ્થાપવા સારૂ સરકારી આખરી જમીનની કિમત સરકારશ્રી દ્વારા કયા ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે? | |
| **પેટા પ્રશ્ન–૮** | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને કબજો મળ્યા બાદ પ્રથમ તબક્કામાં વસાહત વિકસાવવા શી કામગીરી કરેલ છે? | |
| **પેટા પ્રશ્ન–૯** | વણોદ ઔદ્યોગિક વસાહતમાં પ્રથમ ચરણમાં કેટલા પ્લોટનું આયોજન કરેલ છે? | |
| **પેટા પ્રશ્ન–૧૦** | વણોદ ખાતે જીઆઇડીસીમાં કઈ કઈ માળખાકીય સુવિધા વિકસાવવામાં આવેલ છે ? | |
| **પેટા પ્રશ્ન–૧૧** | વણોદ ખાતે ઔદ્યોગિક વસાહતની સ્થાપના કરવાથી આજુબાજુના વિસ્તારને શું લાભ થશે? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન | ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1336

વિષય:

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઇ. ડી.સી

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 15/01/2024 | 07/02/2024 | 22/01/2024 |

*15/4/1336 શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર(દસાડા)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના વણોદ ગામે જી. આઇ. ડી. સી બનાવવાની ક્યારે મંજુરી મળી,

(૨) ઉક્ત જી. આઇ. ડી. સીના ડેવલપમેન્ટ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જી.આઈ.ડી.સી. ખાતે કેટલા ઔદ્યોગિક એકમો કાર્યરત કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

**સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી.આઇ.ડી.સી.**

* **15/4/1336 શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર** (દસાડા): **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના વણોદ ગામે જી.આઇ.ડી.સી. બનાવવાની ક્યારે મંજૂરી મળી, | (૧) તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ યોજાયેલ બોર્ડ બેઠકમાં જી.આઇ.ડી.સી. બનાવવાની સૈદ્ધાતિક મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત જી.આઇ.ડી.સી. ના ડેવલપમેન્ટ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) કુલ રૂ.૩૬,૨૫,૮૬,૮૪૯/– |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જી.આઇ.ડી.સી. ખાતે કેટલા ઔદ્યોગિક એકમો કાર્યરત કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૩) વણોદ ઔદ્યોગિક વસાહત ખાતે એપ્રોચ રોડની જગ્યા વિવાદિત હોઇ, આ બાબત સબજ્યુડીશ છે.<br>હાલમાં, વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સદર વસાહતના યુટીલીટી કોરીડોરમાંથી રોડ બનાવી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.<br>વણોદ ઔદ્યોગિક વસાહત ખાતે પ્લોટ ફાળવણીની પ્રક્રીયા શરૂ કરવામાં આવેલ નથી. |

---

**<u>ગૃહમાં જવાબ આપવાની તા. ૧૭-૦૨-૨૦૨૪</u>**

ક્રમાંક: વસપ-૧૦૨૦૨૪-તા.પ્ર.પ-ગ
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
બ્લોક નંબર-૫, ૩ જો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 17 FEB 2024

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓશ્રીના તા.૨૨/૦૧/૨૦૨૪ ના પત્ર અન્વયે વધારાની ત્રણ નકલો સહિત.

સંયુક્ત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:-
- સેકશન અધિકારી, જ-શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.

Scanned with CamScanner

[મુખ્ય પેજ પર જાઓ]

## હાઈ

- રાજ્યના વિવિધ વિસ્તારોના ઔધોગિક વસાહતની સ્થાપના દ્વારા સમતોલ અને ઝડપી આર્થિક વિકાસ સાધવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔધોગિક વિકાસ અધિનિયમ ૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે.
- નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તેમાટે નિગમ દ્વારા રાજ્યમાં જુદા જુદા સ્થળોએ વસાહતોની સ્થાપના કરેલ છે.
- નિગમ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી તાલુકામાં વણોદ ગામે ૩૭૬.૮૬ હેક્ટર વિસ્તારમાં ઔધોગિક વસાહતની સ્થાપના કરવાનું આયોજન છે, જે પૈકી પ્રથમ તબક્કામાં ૧૭૪.૧૮ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો અને જનરલ પાર્ક માટે વિકસાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- નિગમ દ્વારા સદર ૧૭૪.૧૮ હેક્ટર વિસ્તારમાં રસ્તા, વરસાદી પાણીની ગટર, સ્ટ્રીટ લાઇટ, અને પાણી પુરવઠા યોજના જેવી આંતરમાળખાકીય સુવિધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

**મુખ્ય પેજ પર જાઓ**

# //પૂરક નોંધ//

- રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ–૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે. નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે નિગમ દ્વારા રાજ્યના જુદા જુદા સ્થળોએ નાની–મોટી કુલ ૨૩૯ વસાહતોની સ્થાપના કરેલ છે.
- જે પૈકી સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં વણોદ ખાતે ઔધોગીક વસાહતની સ્થાપના કરવા માટે સરકારી જમીન વર્ષ ૨૦૧૮ માં નિગમને તબદીલી થઈ.
- વસાહત માટેના પ્રવેશની મળેલ જમીન ૭૩૨/૧ પૈકી નવા સ.નં. ૧૭૩૩/૧ પૈકી જમીનમાં જે તે વખતના અસ્તિત્વના સર્વે નં. ૬૭૬ પૈકીની એ ૬–૦૦ ગુંઠા જમીન સાંથણીમા પાલાભાઈ હમીરભાઈને ફાળવાયેલ તે જમીન શ્રી સરકાર દાખલ કરવામાં આવેલ અને નિગમને ફાળવાયેલ જમીન જેને રી–ગ્રાન્ટ કરવાના મુદ્દે તેઓશ્રી દ્વારા નામદાર હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં. ૧૦૧૨૪/ ૨૦૨૦ દાખલ કરવામાં આવેલ છે,જે નામ. હાઈકોર્ટમાં ન્યાયિક પ્રક્રિયા હેઠળ છે. આ સિવાય ૭૩૨/૧ પૈકીની એ ૧૬–૦૦ ગૂંઠા ( જુના સ.નં. ૧૦૦૬ નવો સ.નં. ૬૮૧) નિગમને મળેલ જમીનમાં સાંથણીથી ફાળવાયેલ અને શ્રી સરકાર દાખલ થયેલ અને નિગમને ફળવાયેલ જમીનના ફાળવણીદાર શ્રી રમેશભાઈ વેલાભાઈ ભરવાડ દ્વારા જમીન રી–ગ્રાન્ટ કરવાના મુદ્દે નામ. હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં.૮૩૯૭/ ૨૦૧૮ દાખલ કરવામાં આવેલ, જે નામ. હાઈકોર્ટના દ્વારા તા.૧૯/૦૨/૨૦૨૦ના ઓરલ ઓર્ડરથી કાઢી નાખવામાં આવેલ છે. અરજદારશ્રી દ્વારા નામ. હાઈકોર્ટમાં એલ.પી.એ નં.૮૫૨/૨૦૨૦ દાખલ કરવામાં આવેલ, જેમાં નામ. કોર્ટના તા. ૨૭/૧૧/૨૦૨૦થી મનાઈ હુકમ જારી કરવામાં આવેલ છે, જે મેટર નામ. હાઈકોર્ટમાં ન્યાયિક પ્રક્રિયા હેઠળ છે. આ કેસમાં નિગમ પક્ષકાર તરીકે જોડાયેલ છે.

વણોદ ઔધોગિક વસાહત ખાતે એપ્રોચ રોડની જગ્યા વિવાદિત હોઈ, હાઈકોર્ટ લેવલે પડતર છે.

- હાલમાં, વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સદર વસાહતના યુટીલીટી કોરીડોરમાંથી રોડ બનાવી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- આમ, વસાહતમાં મંજુર થયેલ પ્લાનીંગ મુજબ ૧૭૪.૧૮ હેક્ટર વિસ્તારમાં વિકાસની કામગીરી ઈજનેરી શાખા દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે જેમાં વસાહતના ૧૭૪.૧૮ હેક્ટર વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે રોડ, વરસાદી પાણીની કાચી ગટર, પાણી પુરવઠા યોજના વગેરે જેવી સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે.

**મુખ્ય પેજ પર જાઓ**

## અગ્રતા ક્રમ : ૧૯

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

### સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

**પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી પરસોત્તમભાઇ પરમાર   દસાડા**

| પેટા પ્રશ્ન ૧ | સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ વણોદ ખાતે કેટલા વિસ્તારમાં ઔધોગિક વસાહત સ્થપાનાર છે? |
|---|---|
| જવાબ | કુલ વિસ્તાર આશરે હે ૩૭૬–૮૬–૮૫ ચો. મી. માં ઔધોગિક વસાહત સ્થપાનાર છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

## સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

**પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી પરસોત્તમભાઇ પરમાર દસાડા**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૨** | ગુજરાત ઔધોગિક વિકાસ નિગમને સરકારી જમીનનો આગોતરો કબજો ક્યારે મળેલ છે? |
| **જવાબ** | ગુજરાત ઔધોગિક વિકાસ નિગમને સરકારી જમીન ૭૩૨/૧, ૭૩૨/૩, ૭૩૨/૪, ૧૦૦૬ અને ૭૩૨/૧, કુલ વિસ્તાર હે. ૩૭૧-૬૦-૭૬ ચો. મી. નો આગોતરો કબજો તા. ૦૯/૦૮/૨૦૧૮ના રોજ મળેલ છે તથા આ વસાહતના એપ્રોચ રોડ માટેની સરકારી જમીન સર્વે નં. ૭૩૨/૧ પૈકી કુલ વિસ્તાર હે. ૦૫-૨૬-૦૯ ચો.મી. નો કબજો તા. ૨૮/૦૪/૨૦૨૦ ના રોજ મળેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

### સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

**પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી: શ્રી શામજીભાઇ ચૌહાણ ચોટીલા**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૩** | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા જમીનની કબજા કિમત ક્યારે અને કેટલી રકમ ભરપાય કરવામાં આવેલ હતી? |
| **જવાબ** | નિગમ દ્વારા માગણીવાળી જમીનની જંત્રી રૂ. ૧૮૫/-પ્રતિ ચોમી મુજબ રૂ.૬૮,૭૪,૭૪૦૬૦/- (અંકે અડસઠ કરોડ ચુમોતેર લાખ ચુમોતેર હજાર સાઠ પુરા ) તા.૨૦/૦૭/૨૦૧૮ થી ભરપાય કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૦૪/૧૩૩૬

### સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

**પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી શામજીભાઇ ચૌહાણ ચોટીલા**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૪** | સરકારશ્રી દ્વારા નિગમની માગણીવાળી સરકારી જમીનની બજાર કિમત કેટલી અને ક્યારે નક્કી કરવામાં આવેલ હતી ? |
| **જવાબ** | સરકારશ્રી મહેસૂલ વિભાગના તા. ૧૬/૦૧/૨૦૧૯ના ઠરાવથી સરકારી જમીનની /બજાર કિમત રૂ. ૬૬૦/– પ્રતિ ચો. મી. નક્કી થયેલ હતી. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬**

**સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.**

**પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી પ્રકાશભાઇ વરમોરા  ધ્રાગધ્રા**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન –૫** | વણોદ ઔધોગિક વસાહતની જમીનની તબદીલીની મંજૂરી સરકારશ્રી દ્વારા ક્યારે આપવામાં આવી? |
| **જવાબ** | સરકારશ્રી મહેસૂલ વિભાગના તા. ૧૬/૦૧/૨૦૧૯ના ઠરાવથી સરકારી જમીનની તબદીલીની મંજૂરી  આપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૧૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

## સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

**પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી પ્રકાશભાઇ વરમોરા  ધ્રાગધ્રા**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૬** | વણોદ ઔદ્યોગિક વસાહતની સ્થાપના માટે સરકારી જમીનનો તબદીલી હુકમ ક્યારે કરવામાં આવેલ? |
| **જવાબ** | કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરના પત્ર/હુકમ તા.૨૯/૦૫/૨૦૧૯થી નિગમના નામે  સરકારી જમીનની તબદીલીનો  આખરી હુકમ કરવામાં આવ્યો હતો. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

### સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૭** | વણોદ ઔદ્યગિક વસાહતની સ્થાપવા સારૂ સરકારી આખરી જમીનની કિમત સરકારશ્રી દ્વારા કયા ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે? |
| **જવાબ** | મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:જમન/૧૦૨૦૧૮/૧૬૦૦/અ.૧ તા.૨૨-૦૫-૨૦૧૮ ના ઠરાવથી કુલ જમીનના ૭૦% જમીન બજાર કિમતના ૫૦% ભાવથી અને ૩૦% જમીન બજાર કિમતે આપવાની નીતિથી જમીનની આખરી કિમત નક્કી કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

### સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૮** | ગુજરાત ઔધોગિક વિકાસ નિગમને કબજો મળ્યા બાદ પ્રથમ તબક્કામાં વસાહત વિકસાવવા શી કામગીરી કરેલ છે? |
| **જવાબ** | નિગમને સરકારી જમીનનો કબજો મળ્યા બાદ, પી. ટી. શીટ તૈયાર કરી, આશરે, હે ૧૭૪-૧૮-૦૦ ચો. મી. વિસ્તાર માટે, ડીડી પ્લાન (વિકાસ નક્શો) તા. ૧૩/૦૪/૨૦૨૨ના રોજ આખરી કરેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

## સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૯** | વણોદ ઔદ્યોગિક વસાહતમાં પ્રથમ ચરણમાં કેટલા પ્લોટનું આયોજન કરેલ છે? |
| **જવાબ** | હાલની સ્થિતિએ ડીડી પ્લાનમાં મુજબ ઔધોગિક, વાણિજ્ય, યુટિલીટી પ્લોટ એમ મળી કુલ ૩૯૧ પ્લોટનું આયોજન પ્રથમ ચરણમાં કરેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

### સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૧૦** | વણોદ ખાતે જીઆઇડીસીમાં કઈ કઈ માળખાકીય સુવિધા વિકસાવવામાં આવેલ છે ? |
| **જવાબ** | વણોદ ઔદ્યોગિક વસાહતમાં હેક્ટર ૧૭૪-૧૮-૦૦ ચો. મી. વિસ્તારમાં રસ્તા, વરસાદી પાણીની ગટર, સ્ટ્રીટ લાઇટ, અને પાણી પુરવઠા યોજના જેવી આંતરમાળખાકીય સુવિધાઓનું આયોજન કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૯

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૩૩૬

### સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આવેલ જી. આઈ. ડી. સી.

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન–૧૧** | વણોદ ખાતે ઔધોગિક વસાહતની સ્થાપના કરવાથી આજુબાજુના વિસ્તારને શું લાભ થશે? |
| **જવાબ** | વણોદ ખાતે ઔધોગિક વસાહતની સ્થાપના કરવાથી સ્થાનિક લોકોને રોજગારીની તક ઉભી થશે તેમજ આજુબાજુ ના ગામોનો વિકાસ થશે. |

મુખ્ય પેજ પર જાઓ